
સપ્ટેમ્બર ૨૦૧૫

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## દાન



# દાન અક્રમ એક્સપ્રેસ

## સંપાદકીય

બાળમિત્રો,

'દાન' શબ્દથી તો તમે બધા પરિચિત જ છો. આપણી સંસ્કૃતિમાં નાનપણથી જ આ સંસ્કાર દરેક બાળકને મળતા જ રહે છે. બાળક દાદા-દાદી કે મમ્મી-પપ્પા સાથે મંદિરમાં દર્શન કરવા જાય ત્યારે તેઓ બાળક પાસે ભંડારામાં અચૂક પરચૂરણ નખાવડાવે. નીચે ઉતરીને ગરીબોને અચૂક ખાવાનું અપાવડાવે, કૂતરાને રોટલી ખવડાવે, કબૂતરને ચણ ખવડાવે. આમ બાળકમાં નાનપણથી જ દાન આપવાના સંસ્કાર કેળવાતા જાય છે.

પણ જેમ જેમ મોટા થતા જઈએ તેમ તેમ શું દાન આપવાના ભાવ એટલા જ પવિત્ર રહે છે, જેવા નાનપણમાં હતા?

ક્યારેક હા, ક્યારેક ના, ખરુ ને?

તો આવો, આ અંક વાંચીને આપણે દાનનું યથાર્થ સ્વરૂપ સમજીએ. આ ઉપરાંત દાનના પ્રકારો પણ જાણીએ. પરમ પૂજ્ય દાદાશ્રીએ દાન આપતી વખતે અંદર રહેલા ભાવ પર ખૂબ વજન આપ્યું છે. તો આવો, એનું મહત્વ સમજીએ અને જ્યારે પણ દાન આપીએ ત્યારે એવા ઉત્તમ ભાવ સાથે આપીએ.

-ડિમ્પલ મહેતા


તંત્રી તથા સંપાદક:
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૧
સળંગ અંક : ૮૫
સપ્ટેમ્બર ૨૦૧૫



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Printed & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Owned by
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

Printed at
Amba Offset
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

Published at
Mahavideh Foundation
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે.....

દાન એટલે બીજા કોઈ પણ જીવને, મનુષ્ય હોય કે બીજા પ્રાણી હોય, તેમને આપણું કંઈક આપી તેને સુખ આપવું, એનું નામ દાન.

પ્રશ્નકર્તા : દાન શા માટે કરવામાં આવે છે ?

દાદાશ્રી : પોતે સુખ આપી સુખ લેવા માગે છે. આ જગત પડઘા સ્વરૂપ છે. એટલે જે તમે કરોને તેવાં, એના વ્યાજ સાથે પડઘા પડશે. એટલે તમે આપો એનું વળતરમાં તમને મળશે જ. બધાંને સુખ આપ્યું એટલે એનું 'રીએક્શન' આપણને સુખ આવે જ.

પ્રશ્નકર્તા : કંઈ મેળવવાની અપેક્ષાએ દાન કરે તો ?

દાદાશ્રી : એ અપેક્ષા ના રાખે તો ઉત્તમ છે. અપેક્ષા રાખે છે એ દાન નિર્મૂળ થઈ ગયું. પાંચ જ રૂપિયા આપો પણ અપેક્ષા વગર આપો.

ઘણાંને દાન ન આપવું હોય પણ વાણીમાં બોલે કે મારે આપવું છે અને આપેય ખરો પણ મનમાં ના આપવું હોય એટલે ફળ ના મળે.

પ્રશ્નકર્તા : દાદા, એવું કેમ થાય ?

દાદાશ્રી : આમ કીર્તિની ભૂખ એટલે આપે. રોફ રાખવા, આબરૂ વધારવા માટે આપે. મહીં મનમાં એમ હોય, 'બળ્યું આપવા જેવું નથી. પણ આપણું નામ ખોટું દેખાશે.' અરે, કેટલાંક તો કહેશે, 'ફલાણા સાહેબે દબાણ કર્યું એટલે મારે આપવા પડ્યા.' ત્યારે એનું એવું ફળ મળે.

આપણે મનથી, રાજીખુશીથી આપેલું કામનું. અહીં આપ્યાની કિંમત નથી, ભાવની કિંમત છે. દેરાસરમાં જઈને એક માણસે એક જ રૂપિયો મૂક્યો અને બીજા શેઠિયાએ એક હજારની નોટો મહીં ધર્માદામાં નાખી. એ જોઈને પેલા માણસને મનમાં થયું કે 'મારી પાસે હોત તો હું પણ આપત.' ત્યારે એનું ફળ મળે કારણ કે એ આપ્યા બરાબર છે. ભગવાને એ સ્વીકાર્યું.

# દાનના પ્રકાર

## ૧ આહારદાન

ભૂખ્યા માણસને ખવડાવ્યું તે અન્નદાન. અહીં કોઈ માણસ આપણા ઘરે આવ્યો હોય, તે કહે, 'કંઈક મને આપો, હું ભૂખ્યો છું.' ત્યારે કહીએ, 'બેસી જા, અહીં જમવા. હું તને મૂકું'. એ આહારદાન.

## ૨ ઔષધદાન


માંદા માણસને દવા ફ્રી ઓફ કોસ્ટ લાવી આપીએ તે ઔષધદાન. ઔષધદાનને આહારદાનથી વધારે કિંમતી ગણ્યું છે. કારણકે એ બે-ચાર મહિના જીવતો રાખે. માણસને વધુ ટાઈમ જીવાડે. વેદનામાંથી થોડી ઘણી મુક્તિ કરે.

## ૩ જ્ઞાનદાન

લોકોને સમજણ પાડીને સાચા રસ્તે વાળવા, લોકોનું કલ્યાણ થાય એવા પુસ્તકો છપાવવા, એ જ્ઞાનદાન. જ્ઞાનદાન આપે તો સારી ગતિઓમાં, ઊંચી ગતિઓમાં જાય અગર તો મોક્ષે પણ જાય.

## ૪ અભયદાન

કોઈ જીવમાત્રને ત્રાસ ન થાય એવું વર્તન રાખવું એ અભયદાન. અભયદાન એટલે આપણાથી કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય. આમાં પૈસાની કોઈ જરૂર નથી. ઊંચામાં ઊંચું દાન જ આ છે.



# દાદાજીની સમજણ....એમના જ શબ્દોમાં...



બાવીસ-પચ્ચીસ વર્ષની ઉંમરમાં હું સિનેમા જોવા જતો હતો. પાછો આવું ત્યારે રાતના બાર-સાડા બાર વાગ્યા હોય. ચાલતો આવતો હોઉં એટલે પેલા બૂટ ખખડે. અમે પેલી ચકતીઓ નખાવીએ એટલે ખખડાટ થાયને અને રાત્રે અવાજ બહુ આવે. રાત્રે કૂતરા બિચારા સૂઈ રહ્યાં હોય તે ખખડાટ સાંભળી આમ કરીને કાન ઊંચા કરે. આપણે સમજીએ કે ચમક્યું બિચારું આપણા લીધે. આપણે એવા કેવા જન્મયા કે આ કૂતરા આપણાથી ચમકે છે (ડરે છે)? એટલે છેટેથી બૂટ કાઢી અને હાથમાં ઝાલીને આવું. છાનોમાનો પેસી જઉં પણ પેલાને ચમકવા ના દઉં. આ નાની ઉંમરમાં મારો પ્રયોગ.

# આ તો નવી જ વાત!




તમે દાન આપતા હોય તો તમને અંદર સુખ થાય. પોતાના ઘરનાં રૂપિયા આપો છતાં સુખ થાય, કારણ કે સારું કામ કર્યું.

દાન ગુપ્ત હોવું જોઈએ. કોઈને ખબરેય ના પડે તો એ ઊગે. અને જેણે ગુપ્ત રાખ્યું એને એનો બદલો મળ્યા વગર રહેતો જ નથી. તમે લો કે ના લો, પણ બદલો તો એનો હોય છે જ.







આ દાન આપે ને મહીં અહીંની કીર્તિની ઈચ્છા હોય તો તે બધું ઊંઘમાં ગયું. પરભવના હિતને માટે જે દાન અહીં આપવામાં આવે છે એ જાગતો કહેવાય. હિતાહિતનું ભાન એટલે પોતાનું હિત શેમાં છે ને પોતાનું અહિત શેમાં છે એ પ્રમાણે જાગૃતિ રહે તે !

દાનનું ફળ કેટલાંય ગણું થઈ જાય. પણ તે કેવું ? મનમાં આપવું છે હોય, વાણીમાં આપવું છે બોલે અને વર્તનથી આપેય ખરો. આમ ત્રણેમાં એકતા હોય તો એનું ફળ તો આ દુનિયામાં શું ના મળે એ પૂછો !

# ખરું દાન ક્યું ?

"અને આ કારણોનુંસાર, આપણી નૈતિક ફરજ બને છે કે ગરીબ અને નિર્ધન પ્રજાની આપણે શક્ય હોય એટલી મદદ કરીએ", મંચ પર ઉભેલા ધરમદાસ શેઠ, મોટી મેદનીને ઉદ્દેશીને ભાષણ કરી રહ્યા હતા.

શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી ધરમદાસ શેઠનું 'દાન' અને 'પરોપકાર' પરનું ભાષણ વધાવી લીધું.

ગામવાસીઓ અંદરોઅંદર ધરમદાસ શેઠે કરેલા અઢળક દાનની ચર્ચા કરી રહ્યા હતા, ત્યાં તો જોરથી પવન ફૂંકાયો.

"ગામવાસીઓ, લાગે છે મોટું વાવાઝોડું આવવાનું છે. આપ સહુ જેમ બને એમ જલદી પોતપોતાને ઘરે



પહોંચી જાઓ", ધરમદાસ શેઠના સહાયકે મંચ પરથી ઘોષણા કરી. મેદની વિખેરાઈ ગઈ અને ગામનાં લોકો ઘર તરફ જવા વળ્યા.

તે રાત્રે એક મુસાફરે શેઠ ધરમદાસની હવેલીનો દરવાજો ખખડાવ્યો. "શેઠજી, હું એક ભૂખ્યો મુસાફર છું. બહાર વાતાવરણ બહુ ખરાબ છે અને મને બહુ ભૂખ લાગી છે. આજની રાત તમારા ઘરમાં આશરો મળશે ?" મુસાફરે હાથ જોડીને વિનંતી કરી.

"આ કોઈ ધર્મશાળા નથી. જાઓ અહિંયાથી ક્યાં ક્યાંથી ચાલ્યા આવે છે !" એમ કહી શેઠે ધડાક દઈને દરવાજો બંધ કર્યો.

થોડે દૂર કિશનદાસની ઝૂંપડીમાં ફાનસ સળગતું હતું.

ત્યાં જઈને મુસાફરે આશરો માંગ્યો. કિશનદાસે પ્રેમથી એમનો હાથ ઝાલીને એમને આવકાર આપ્યો, "આવો ભાઈ આવો." મુસાફરનો હાથ ઝાલતા જ કિશનદાસ તંગ થઈ ગયા, "ભાઈ, આપનું શરીર તો ગરમ છે. આપ થોડો આરામ કરો. હું આપના માટે ઔષધ લઈ આવું."

કિશનદાસની પત્ની રાધાએ મુસાફરને ઉકાળેલો કાઢો અને ઔષધી આપી. અને પછી સ્વાદિષ્ટ ભોજન બનાવી એમને જમાડ્યા.

બીજા દિવસે પરોઢિયે મુસાફરે જવાની તૈયારી કરી, પણ વાવાઝોડું શાંત નહોતું થયું.

કિશનદાસે મુસાફરને કોઈ પણ સંકોચ કર્યા વગર, વાવાઝોડું શાંત ના થાય ત્યાં સુધી રોકાઈ જવાનો આગ્રહ કર્યો.

આમ એ મુસાફર અઠવાડિયા સુધી રાધા અને કિશનદાસની ઝૂંપડીમાં રહ્યા. રાધાએ મુસાફરને ભાવતા ભોજન દિલથી જમાડ્યા.

આ વાતને મહિનાઓ વીત્યા. દિવાળી નજીક આવી રહી હતી. એક સવારે રાધા એનું ફળીયું સાફ કરી રહી હતી, ત્યારે એની પાડોશણે બૂમ પાડી, "અરે રાધા, તને ખબર છે કે દિવાળીના દિવસે આપણા ગામમાં પ્રતિષ્ઠિત સંત શ્રી દામોદર પધારવાના છે?"

"ખરેખર? આ તો બહુ આનંદની વાત છે." રાધાએ ખુશી વ્યક્ત કરી.

"ગામની બધી બહેનો એમની પધરામણીની તૈયારી કરી રહી છે. જાતજાતના પકવાનો બની રહ્યા છે," પાડોશણે રાધાને વધુ માહિતી આપી.

આ જાણીને રાધાને પ્રસન્નતા થઈ. પણ સાથે સાથે મૂંઝવણ થઈ. પાડોશણ સાથે બે-ચાર વાતો કરી, રાધા રસોડામાં ગઈ. હાથ સાફ કરી, એણે ઘીનો ડબ્બો ઉઘાડ્યો. એનો ડર સાચો પડ્યો. ડબ્બામાં એક ટીપું પણ ઘી નહોતું બચ્યું.

રાધાને ખૂબ ગૂંચવાડો થયો. મનમાં વિચારોનું વમળ ઉઠ્યું, "સંતશ્રી માટે હું શું બનાવીશ? સંતનું સ્વાગત કેવી રીતે કરીશ?" દર વર્ષે દિવાળીના તહેવાર વખતે મીઠાઈ બનાવવા માટે રાધા મહિનાઓથી થોડું થોડું ઘી જમા કરતી. પણ એ વર્ષે મુસાફરના ભોજન અને ઔષધ માટે એણે બધું જ ઘી વાપરી કાઢ્યું હતું.

ધરમદાસ શેઠની હવેલી પર સંતની પધરામણીની જોરદાર તૈયારીઓ ચાલી રહી હતી. દિવાળીના દિવસે સંતના સ્વાગત માટે શેઠજીની હવેલી પર જાણે આખું ગામ ઉમટ્યું.

સંત દામોદરનો રથ અને ઘોડાગાડીઓ હવેલી પર આવી પહોંચ્યા. કલાકો સુધી રાહ જોવા છતાંય સંત ન પધાર્યા. શેઠને ખૂબ ઉચાટ થવા લાગ્યો. આખરે એમણે ઘોડાગાડીવાળાને પૂછ્યું, "સંત હજુ સુધી કેમ નથી પધાર્યા? એમને આટલો બધો વિલંબ શાથી થઈ રહ્યો છે?"

"શેઠજી, સંતશ્રી તો ક્યારના પધારી ચૂક્યા છે. એમણે કિશનદાસની ઝૂંપડીમાં પધરામણી કરી છે. એમને આપની હવેલી પર ઘોડાગાડીઓ અને રથ મૂકવાની સૂચના આપેલી." ઘોડાગાડીવાળાએ નમ્રતાથી શેઠને જણાવ્યું.

આ સાંભળી ગામવાસીઓનું ટોળું જાતજાતના પકવાનો લઈને કિશનદાસની ઝૂંપડી તરફ ચાલવા લાગ્યું. શેઠ તો ધુઆંપુઆ થઈ ગયા. ઝૂંપડી પર રાધા અને કિશનદાસ, સંતના



ચરણોમાં ભાવવિભોર થઈને બેઠા હતા.

સંતને નમસ્કાર કરી શેઠે પૂછ્યું, ''સાહેબ, આપે મારી હવેલી પર પધરામણી કરવાનું નક્કી કરેલું. હું આપનો યજમાન હતો. તમે મારું આવું અપમાન શાથી કર્યું?'' શેઠની વાણીમાં અપમાનની પીડા હતી.

''શેઠ, પહેલા આપ અહીં બેસો,'' સંતે શેઠને પોતાની પાસે બેસાડ્યા. પછી તેઓ બોલ્યા, ''પણ આપ હજીયે યજમાન છો જ શેઠ. આપ એ વસ્તુના યજમાન તો છો જ, જેના યજમાન થવાની આપને ઈચ્છા હતી.'' શેઠને કંઈ સમજાયું નહીં.


સંતે શેઠને ખુલાસો આપ્યો, ''શેઠજી, ગામવાસીઓની પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા હું ઘણી વખત વેશપલટો કરીને વિહાર કરું છું. ગઈ વખતે હું આપની હવેલીએ એક મુસાફરના વેશમાં આવેલો. ત્યારે મારી પાસે રથ અને ઘોડાગાડીઓ નહોતા. તેથી આપે મને કાઢી મૂકેલો. આપને રથ અને ઘોડાગાડીઓના યજમાન થવાની ઈચ્છા હતી. એટલે આજે મેં આપની હવેલીએ રથ અને ઘોડાગાડીઓ મોકલી આપ્યા.'' શરમથી શેઠનું માથું ઝૂકી ગયું.

''શેઠ, આપ કીર્તિ મેળવવાની અપેક્ષાથી આજે મારા યજમાન બનવાના હતા. પણ એ આતિથ્ય-સત્કારની કોઈ કિંમત નથી. કોઈ પણ અપેક્ષા વગર આપે જો તે દિવસે એ મુસાફરને, એટલે કે મને, આહાર અને ઔષધ આપ્યા હોત, તો એ (આહાર-ઔષધ) દાનની કિંમત, આપ જે અઢળક ધન દાનમાં આપો છો, એના કરતા અનેક ગણી વધારે હોત!'' ખરું દાન શેને કહેવાય એની યથાર્થ સમજણ સંતશ્રીએ શેઠ અને ગામવાસીઓને આપી.

તે દિવસે ગામવાસીઓએ સંતને જે જાતજાતના પકવાન ધરાવ્યા, તે સર્વ પકવાન સંતશ્રીએ રાધા અને કિશનદાસને પ્રસાદી રૂપે આપ્યા.


જે ઝૂંપડીમાં મીઠાઈ બનાવવા માટે એક ટીપું ઘી નહોતું, તે ઝૂંપડી આજે સંતના આશીર્વાદ અને પકવાનોની સુગંધથી મહેકી ઉઠી હતી!

# વિદ્યાદાન




અનિરૂદ્ધ બેટા, આ પૈસા સાચવીને ખાનામાં મૂકી દે.
ભલે કાકા
આજે વલ્લભકાકાના આનંદનો પાર નહોતો. મહિનાઓથી ગરીબ બાળકોની શાળા માટે તેઓ જે ફાળો ઉઘરાવી રહ્યા હતા, તે રકમની આજે પૂરેપૂરી ઉઘરાણી થઈ ચૂકી હતી.
દીકરા, તેં મને મારા કાર્યમાં ખૂબ મદદ કરી છે. મને તારી ખોટ ખૂબ સાલશે.
અનિરૂદ્ધે વલ્લભકાકાને એમના લોક-કલ્યાણના કાર્યમાં ખૂબ મદદ કરી હતી. પણ હવે લગ્ન કરવા તે બીજે ગામ જઈ રહ્યો હતો અને ત્યાં જ વસવાટ કરવાનો હતો.
થોડા મહિનાઓ પછી શાળાના બાંધકામનું કામ ચાલું થયું. બાંધકામ માટે અમુક રકમની ચુકવણી કરવાની હતી.


આ શું ?!! પૈસા તો અહીંયા જ મૂક્યા હતા.
વલ્લભકાકાએ ખૂબ શોધ્યું પણ પૈસાનું પાકીટ ક્યાંય ના જડ્યું.
અનિરૂદ્ધ સિવાય પૈસાની જાણ બીજા કોઈને જ નહોતી. પણ અનિરૂદ્ધ તો ખૂબ વિશ્વાસપાત્ર હતો. એ શું કામ લે ? કદાચ એને લગ્ન માટે લીધા હોય અને પાછા આપી દેવાનો હોય
આ વાતની જાણ હું કોઈને નહીં થવા દઉં. અનિરૂદ્ધ પાસે જઈને સાચી હકીકત જાણી લઉં.
બીજા દિવસે સવારે અનિરુદ્ધના ઘેર જઈ, વલ્લભકાકાએ વિગતવાર બધી વાત કરી.
દીકરા, મને ખાતરી છે કે તારો ઈરાદો પૈસા પાછા આપી દેવાનો હશે જ. જો આ મારા પૈસા હોત તો હું કદી તારી પાસે માંગવા ન આવત.
પણ આ તો મહામહેનતે ગરીબ બાળકોની શાળા માટે ઉઘરાવેલા પૈસા છે. આ તો *વિદ્યાદાન* માટેનો ફાળો કહેવાય. બાળકોનું શિક્ષણ રખડી પડશે.



આ બધી વાતો સાંભળી અનિરૂદ્ધનો ચહેરો ફિક્કો પડી ગયો. એની આંખોમાં આંસુ આવી ગયા.
એક શબ્દ બોલ્યા વગર એ પૈસાનો બટવો લઈ આવ્યો.
આ લો વલ્લભકાકા. અત્યારે મારી પાસે આટલા જ છે, પણ ધીરે ધીરે કરીને હું બાકીની રકમ પણ ચૂકવી દઈશ.
વલ્લભકાકાને શાંતિ તો થઈ, પણ થોડું દુઃખેય થયું. અનિરૂદ્ધે પોતાના બચાવમાં એક શબ્દ નહોતો કહ્યો. પણ એના આંસુ એની ગુનેગારીની ચાડી ખાતા હતા.
અને પછી મહિનાઓ સુધી અનિરૂદ્ધ તનતોડ મહેનત કરીને, વલ્લભકાકાને શાળાના બાંધકામ માટે પૈસા મોકલતો રહ્યો.
એક દિવસ સવારે,
વલ્લભકાકા, થોડા મહિનાઓ પહેલા તમારે ત્યાં કોઈ ચોરી થઈ હતી ?
હા થઈ તો હતી. પણ, એનું નિરાકરણ થઈ ગયું છે. ચોરે મને ઘણા ખરા પૈસા પાછા આપી પણ દીધા છે.


ખરેખર ? પણ એવું કેવી રીતે બને ? ચોર તો આ બાઈ છે. એણે જાતે જ કબુલ કર્યું છે. અને એના ઘરમાંથી આ પાકીટ પણ મળ્યું છે. તમારું જ છે ને આ ?
તો પછી ગુનો કર્યા વગર કોઈએ તમને રકમ શા માટે ચૂકવી ?
હું એ નથી જાણતો, ઈન્સ્પેક્ટર. પણ કાલે જાણી લઈશ.
બીજા દિવસે વલ્લભકાકા ફરી અનિરૂદ્ધના ગામડે ગયા.
મને માફ કરી દે દીકરા. પણ તેં મને કહ્યું કેમ નહીં કે તું નિર્દોષ છે ?
કાકા, તમારું દુઃખ અને ચિંતા જોઈને હું હલી ગયો હતો. મેં જો તમને મદદ કરવા માટે હાથ લંબાવ્યો હોત તો મને ગરીબ જાણીને તમે મારી મદદ ન સ્વીકારી હોત. પણ કાકા, *વિદ્યાદાન* માટે ફાળો આપવાનો અવસર મારે ચૂકવો નહોતો.
વલ્લભકાકા ગળગળા થઈ ગયા.
કાકા, ખરું કહું, તો તમને પૈસા ચૂકવવા માટે જ્યારે હું તનતોડ મહેનત કરતો, ત્યારે મને નાના નાના ભૂલકાઓના ભણતર મેળવવા માટે ઉત્સુક ચહેરાઓ દેખાતા. અને મારો બધો જ થાક ઉડી જતો.




# હા... હા... હી... હી...

રામ : વજન ઘટાડવા માટેની એક સચોટ કસરત છે પહેલાં તમારું માથું ડાબી તરફ ફેરવો, પછી જમણી તરફ ફેરવો. આવું બે વાર કરો...
બાપુ : શું આટલું જ કરવાથી વજન ઘટી જાય ?
રામ : હા, જ્યારે જ્યારે તમને ખાવાની ઓફર કરવામાં આવે ત્યારે આ કસરત કરવાની છે !

એક રૂમમાં બે જુડવા છોકરા બેઠાં હતા. એક રડતો હતો અને બીજો ખડખડાટ હસતો હતો. તેના પપ્પાએ પૂછ્યું, કેમ હસે છે ?
ત્યારે હસતા છોકરાએ કહ્યું મમ્મીએ બંને વાર આને જ નવડાવી દીધો....

એકવાર બાપુને પોલીસ પકડવા ગઈ.
પોલીસ : અમે તમને ચારેબાજુથી ઘેરી લીધા છે.
બાપુ : તો ચાલો હવે ગરબા ચાલુ કરો.

# જીવંત ઉદાહરણ

૧૮૯૨માં સ્ટેનફર્ડ યુનિવર્સીટીમાં એક સત્ય ઘટના બનેલી.

એક અઢાર વર્ષનો છોકરો એની ફી ભરવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યો હતો. એ અનાથ હતો. ફીના પૈસા ભેગા કરવા એણે એક આઈડિયા સૂઝ્યો. એક મિત્ર સાથે મળીને, સ્ટેનફર્ડ યુનિવર્સીટીના કોલેજ કેમ્પસ પર એક મ્યુઝિકલ કોન્સર્ટ (સંગીત સમુદાય) યોજીને, પોતાના ભણતર માટે પૈસા ઊભા કરવાનું એણે નક્કી કર્યું.

બંને મિત્રો મહાન પિયાનો વાદક ઈગ્નાસી પોહદ્રેસ્કી પાસે ગયા. પોહદ્રેસ્કીના મેનેજરે, પોહદ્રેસ્કીના પિયાનો કાર્યક્રમ માટે બે હજાર ડોલરની ફી માંગી. બંને મિત્રોએ આ ડિલ સ્વીકારી અને કોન્સર્ટને સફળ બનાવવા મહેનત કરવા લાગ્યા.

આખરે કોન્સર્ટનો દિવસ આવી ગયો. બધી જ ટીકીટો વેચાઈ ન હતી. કોન્સર્ટમાંથી ફક્ત સોળસો ડોલર ભેગા થયા હતા. પોહદ્રેસ્કીએ કોન્સર્ટમાં પોતાનો પ્રોગ્રામ રજૂ કર્યો.

બંને મિત્રો પોહદ્રેસ્કી પાસે ગયા અને પોતાની હાલત કહી. તેમણે પોહદ્રેસ્કીને સોળસો ડોલર આપ્યા અને બાકીના ચારસો ડોલર જેમ બને તેમ જલદી આપી દેવાની બાંહેધરી આપી.

"ના," પોહદ્રેસ્કીએ કહ્યું, "આ હું નહીં સ્વીકારું," એમ કહી એમણે સોળસો ડોલર બંને મિત્રોને પાછા આપ્યા અને કહ્યું, "આ કોન્સર્ટ યોજવામાં તમને જે કંઈ પણ ખર્ચો થયો હોય, એ રકમ બાદ કરીને, બાકીની રકમમાંથી





તમારી ફી ભરજો. અને પછી જો રકમ બચે તો તે મને આપજો.''

આ સાંભળી બંને મિત્રોને ખૂબ આશ્ચર્ય થયું. બંનેએ પોહદ્રેસ્કીનો ખૂબ દિલથી આભાર માન્યો.

બીજા માટે કંઈક કરી છૂટવાનો આ એક નાનકડો પ્રસંગ હતો. પણ આ પ્રસંગે સ્પષ્ટ કરે છે કે પોહદ્રેસ્કી એક મહાન માનવી હતા. બીજા માટે કંઈક કરી છૂટવાની નાની મોટી તકો આપણને પણ આપણા જીવનમાં મળતી જ હોય છે. તે વખતે સામાન્ય રીતે આપણે એવું વિચારીએ છીએ કે, ''હું એને મદદ કરીશ તો મને શું ફાયદો થશે ?'' પણ એવા વખતે , મહાન વ્યક્તિઓ એવું વિચારે કે '' જો હું એને મદદ નહીં કરું, તો એનું શું થશે ?'' આવી મહાન વ્યક્તિઓ કોઈ પણ અપેક્ષા વગર મદદ કરતી હોય છે.

વર્ષો પછી, પોહદ્રેસ્કી પોલેન્ડના પ્રાઈમ મિનિસ્ટર બન્યા. તેઓ એક મહાન લીડર હતા. પણ કમનસીબે તે વખતે વર્લ્ડ વોર શરૂ થયું અને પોલેન્ડ પાયમાલ થઈ ગયું. પોલેન્ડની પ્રજા ભૂખમરાથી પીડિત હતી. ક્યાંથી મદદ માંગવી એ પોહદ્રેસ્કીને સમજાતું નહોતું. આખરે, એમણે અમેરિકાના 'ફૂડ એન્ડ રીલીફ એડમીનીસ્ટ્રેશન' પાસે મદદ માંગી. તે વખતે, અમેરિકાના 'ફૂડ એન્ડ રીલીફ એડમીનીસ્ટ્રેશનના હેડ હર્બર્ટ હુવર હતા. જે પછીથી અમેરિકાના પ્રેસીડન્ટ બન્યા.

હુવરે તરત જ પોલેન્ડ પ્રજા માટે જથ્થાભાર અનાજના કોથળાઓ મોકલી આપ્યા. ભારે મોટું સંકટ ટળી ગયું. પોહદ્રેસ્કીને રાહત થઈ.

તેઓ હુવરનો આભાર માનવા જાતે ગયા. પોહદ્રેસ્કી હુવરનો આભાર માની રહ્યા હતા, ત્યારે એમને વચ્ચે રોકીને હુવર બોલ્યા, ''મિસ્ટર પ્રાઈમ મીનીસ્ટર, તમારે મારો આભાર માનવાની જરાય જરૂર નથી. તમને કદાચ યાદ નહીં હોય, પણ વર્ષો પહેલા તમે બે વિધાર્થીઓને કોલેજ ફી ભરવા માટે મદદ કરી હતી. એમાંનો એક વિધાર્થી હું છું.''

છે ને જગત પડઘા સ્વરૂપ ! બીજાને સુખ આપ્યું, એનું રીએક્શન આપણને સુખ આવે જ !



# મીઠી યાદેં

બે-ત્રણ બહેનોને બ્રહ્મચર્યના ભાવ હતા. તેઓ નાના ગામડાના હતા અને બહુ ભણેલા નહીં.

નીરુમા એમના હિત માટે એમને કહેતા, "તમે શું વિચાર્યું છે? એવું કંઈક કામ શીખી જાઓને કે જેથી તમે તમારા પગ ઉપર ઊભા રહી શકો."

બહેનો કામ શોધવા લાગ્યા. નીરુમા પોતે પણ એમના માટે ખટપટ કરતા જેથી તેઓ સ્વનિર્ભર બને. આમ પ્રયત્ન કરતા કરતા એમને એક જગ્યાએ કામ મળી ગયું. નોકરી શરૂ થઈ ગઈ.

ત્યારબાદ જયારે પણ તેઓ નીરુમાને મળે, નીરુમા બહુ ઉત્સાહથી પૂછતા, "તમે કેટલાં કલાક કામ કરો છો? ફાવે છે? થાક લાગે છે?" આમ નીરુમા તેમનું ધ્યાન રાખતા.

ધીમે ધીમે કામ વધતા એમનું નીરુમા પાસે ઘડી ઘડી આવવાનું ઓછું થવા લાગ્યું. અને પછી તો સાવ ઓછું થઈ ગયું. તેથી એમને નીરુમાનો વિરહ રહેવા લાગ્યો.

દોઢેક વર્ષ બાદ એક વાર એમને સત્સંગમાં જવાનું થયું. દૂરથી નીરુમાના દર્શન કરી તેઓ સત્સંગમાં બેઠા. ચાલુ સત્સંગમાં નીરુમાની દૃષ્ટિ એમના પર પડી અને તરત બોલ્યા, "આવી ગયા તમે? આ દોઢ વર્ષથી તમને સત્સંગ નથી મળ્યો તો એક ચિત્તે સાંભળજો. સરસ ધ્યાન રાખીને પાકું કરી લેજો."

ચાલુ સત્સંગમાં, આટલી મેદની વચ્ચે નીરુમાનો આવો વાત્સલ્યભાવ જોઈ એ બહેનોના આંખમાં પાણી આવી ગયા. એમણે ગણ્યું તો નીરુમાને છેલ્લે મળ્યાને બરાબર દોઢ વર્ષ જ થયું હતું.

એમને થયું, 'આટલા બધા મહાત્માઓ આવતા હોય, એમાં પણ નીરુમાને અમારું આટલું ધ્યાન છે કે અમે દોઢ વર્ષથી નીરુમાને નથી મળી શક્યા.'

એમને નીરુમા માટે અહો અહો થયું ..!! ત્યાર બાદ જયારે પણ તેઓ નીરુમાને મળે એમને એવું જ રહ્યા કરે કે 'નીરુમા મારા જ છે, મારા પોતાના જ છે.'

નીરુમાનો પ્રેમ, વાત્સલ્યભાવ આવી રીતે મહાત્માઓને સ્પર્શી જતો !!

# અને છેલ્લે છેલ્લે.....




એક ૮ વર્ષની છોકરી આઈસ્ક્રીમની દુકાને ગઈ.

વેઈટર : શું જોઈએ છે ?

છોકરી : આ આઈસ્ક્રીમ કેટલાનો છે ભાઈ ?

વેઈટર : ૧૫ રૂપિયાની છે.

છોકરીએ પોતાનું પાકીટ ચેક કરીને આઈસ્ક્રીમની નાની ડબ્બીનો ભાવ પૂછ્યો.

વેઈટર (ગુસ્સાથી) : એ ૧૨ રૂપિયાની છે.

છોકરી : આઈસ્ક્રીમની એ નાની ડબ્બી આપો.

છોકરીએ રૂપિયા આપ્યા અને આઈસ્ક્રીમ ખાઈને ચાલી ગઈ...

જ્યારે વેઈટર એ ખાલી પ્લેટ લેવા ગયો તો તેની આંખમાં આંસુ આવી ગયા. કેમકે... એ છોકરી તેના માટે ૩ રૂપિયાની ટીપ મૂકીને ગઈ હતી.

**મોરલ : તમારી પાસે જે કંઈ પણ છે તેમાંથી બીજાને થોડું આપો.**

Akram Express
September 2015
Year : 8, Issue : 1
Conti. Issue No.: 85

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# ગુરૂપૂર્ણિમા - ફિનીક્સ, યુ.એસ.એ

પૂજ્યશ્રીનું સ્વાગત

કલ્ચરલ શો



એક્ઝિબીશન
ક્રિએટીવ ગેલેક્સી



**અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં. ૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

Printer, Publisher and Owner - Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, Simandhar City, Adalaj-382421.Dist-Gandhinagar.